EDII

Sandesh

May 20, 2016
Page No. 2
of City Life

# બિઝનેસને હંમેશા ગ્રાઉન્ડ લેવલ પરથી શરૂ કરવો જોઇએ



અમદાવાદ : ૧૯ મે ૨૦૧૬

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈ.ડી. આઈ) ખાતે સમર કેમ્પ ચાલી રહ્યો છે. પાર્ટિસિપન્ટ્સ પોતાના આઈડિયાને ડેવલપ કરીને કેવી રીતે બિઝનેસ શરૂ કરી શકે તેના પર વિવિધ ફિલ્ડના એક્સ્પર્ટની સ્પીચ ગોઠવવામાં આવી હતી. આ અંતર્ગત જાણીતા બિઝનેસમેન વિજય ગુપ્તાનો લેક્ચર યોજાયો હતો. તેમણે તેમની સ્પીચમાં જણાવ્યું કે, આજકાલ લોકો પોતાનો બિઝનેસ મોટા સ્કેલ પર શરૂ કરે છે. જ્યારે બિઝનેસ હંમેશા ગ્રાઉન્ડ લેવલ પરથી શરૂ કરવો જોઈએ. જેથી તમે દરેક નાની નાની બાબત અને સંઘર્ષો સાથે ટેવાતા જાઓ અને અનુભવથી શીખતા જાઓ. આ સમર વર્કશોપમાં ગુજરાત, કેરળ, કર્ણાટક, રાજસ્થાન, તામિલનાડુ વગેરે ૯ સ્ટેટના ૪૮ પાર્ટિસિન્ટ્સ જોડાયા હતા. જેમાં ૧૫ ગર્લસ અને ૩૩ બોય્ઝે ભાગ લીધો હતો. સમર વર્કશોપ દરમિયાન વિવિધ પ્રકારની એક્ટિવિટી જોવા મળી હતી. જેમાં ઈન્ડિસ્ટ્રયલ વિઝિટ, આઈડિયાને કેવી રીતે ગ્રૂમ કરી શકો, ક્યાં ફિલ્ડમાં કેવા પ્રકારના ઓપ્શન રહેલા છે. સાથે જ આંત્રપ્રિન્યોરશિપ માટે સરકાર કેવી રીતે મદદ રૂપ થઇ શકે છે વગેરે સબ્જેક્ટ પર વાત કરવામાં આવી હતી.